# ચિનુ મોદીના નાટકોમાં પુરાકલ્પન

ડો. સંજય આચાર્ય

ગુજરાતી સાહિત્ય જગત ચિનુ મોદીને કવિ, નાટકકાર, નવલકથાકાર, વાર્તાકાર અને વિવેચક તરીકે આોળખે છે. જોકે એમની પ્રતિભા કવિતા અને નાટકમાં સવિશેષ નિખરી છે. 'વાતાયન', 'ઊર્ણનાભ', 'શાપિતવનમાં', 'ઇર્શાદગઢ', 'દર્પણની ગલીમાં', 'બાહક' વગેરે એમના કાવ્યસંગ્રહો છે. 'ડાયલના પંખી', 'ખલીફાનો વેશ યાની ઔરંગઝેબ', 'જાલકા', 'કોલબેલ', 'હુકમ માલિક', 'અશ્વમેધ', 'નવલશા હીરજી', 'મત્સ્યવેધ'તથા 'સ્વપન–દુઃસ્વપ્ન અને અન્ય પૌરાણિક નાટકો' વગેરે તેમના નાટયસંગ્રહો છે. ચિનુ મોદીએ કેટલાક નાટકો પુરાકલ્પનના આધારે લખ્યા છે. એમાં 'અશ્વમેધ'(૧૯૮૬) અને 'સ્વપન–દુઃસ્વપ્ન અને અન્ય પૌરાણિક નાટકો' (૨૦૧૧)માં પ્રયોજેલ પુરાકલ્પન ધ્યાનાકર્ષક છે. સાંપ્રત સમયના મોટા ભાગના સર્જકોએ પુરાકલ્પનનો વિનિયોગ એકાંકીસર્જનમાં કર્યો છે. પુરાકલ્પનના આધારે દીર્ઘ નાટકો પ્રમાણમાં ઓછા લખાયા છે. પુરાકલ્પનના મૌલિક અર્થઘટન સાથે દીર્ઘ નાટકો રચવામાં ચિનુ મોદી અગ્રક્રમે છે.

સર્જક પોતાની વાતને, પોતાના સંવેદનને પ્રભાવક રીતે અભિવ્યક્તિ આપવા જેમ કલ્પન અને પ્રતીક પ્રયોજે છે તેમ પુરાકલ્પન પ્રયોજે છે. પુરાકલ્પનને સમજવા માટે કલ્પનને સમજવું જરુરી છે. કલ્પન અને પુરાકલ્પનમાં કેટલોક ભેદ છે. પુરાકલ્પનમાં સર્જક કલ્પન સર્જવા માટે પૌરાણિક કથાઓ, દંતકથાઓ, લોકકથાઓ આદિનો આશ્રય લે છે એટલું જ. પુરાકલ્પન હંમેશા કોઇ પૌરાણિક કથાઅંશને કે કથાગુચ્છને તાકેતાગે છે. જેની પ્રયોજના વડે સર્જક પોતાની વ્યથા, વેદના કે સંવેદના વર્તમાન સંદર્ભોમાં વધારે તીવ્રતાથી કે કલાત્મકતાથા રજૂ કરવા ચાહે છે.

મિથ એટલે અમુક કથા કે કથાતત્વનો ગુચ્છ, જેને પાર્થિવ અને અપાર્થિવ તત્વોના ઊંડાણમાં રહેલાં પરિબળોની લીલાના અભિવ્યંજક કે સૂચક પ્રતીક તરીકે લઇ શકાય.[1] મિથ શબ્દનું મૂળ ગ્રીક 'મિથોસ' શબ્દમાં રહેલું છે. કોઇ સાચી કે કાલ્પનિક ઘટના પર આધારિત વિષયવસ્તુ કે વાર્તા કોઇ પ્રજામાં કાલક્રમે પ્રચલિત બની એ પ્રજાના સાહિત્યમાં વિશિષ્ટ રુપ ધારણ કરે છે. સર્જકને માટે આવું પુરાકલ્પન સામગ્રીરુપ બની રહે છે. પરંતુ આવા પુરાકલ્પનનું માત્ર પુર્નકથન કરવાનું નથી હોતું.કોઇ કૃતિમાં પૌરાણિક કથાનો વિનિયોગ કરી લેવાથી પુરાકલ્પન સિદ્ધ નથી થતું પરંતુ નવા સંદર્ભો સાથે પ્રયોજાતું પુરાકલ્પન નવા અર્થઘટન રચે છે અને નૂતન વિશ્વનું દર્શન કરાવે છે.

ચિનુ મોદી કૃત 'અશ્વમેધ' ત્રણ અંકમાં રચાયેલું નાટક છે, જેના પ્રત્યેક અંકમાં ત્રણ–ત્રણ દશ્યો અને કેટલાક પેટાદશ્યો છે. અવધનરેશ વિચિત્રસેનની મહારાણી મોહિની પ્રેક્ષકો સમક્ષ પીઠ ફેરવીને ઊભી છે, ત્યાંથી નાટક શરુ થાય છે. દાસી મહારાજાના આગમનનો સંદેશો લઇને આવે છે. વિચિત્રસેન આવીને રીસાયેલી મોહિનીને મનાવવાના ઉપાયો યોજે છે ત્યારે મોહિની વિચિત્રસેનને ચક્રવર્તી થવા માટે અશ્વમેધ યજ્ઞ યોજવાનું સૂચન કરે છે. વિચિત્રસેન સ્ત્રીહઠને વશ થઇને મોહિનીના સૂચનનો સ્વીકાર કરે છે. અહીં મોહિની સ્ત્રીસહજ ચાતુરી વાપરીને યજ્ઞ માટેના અશ્વનું ચયન પોતે જ કરશે એવી ઇચ્છા પણ વ્યક્ત કરી દે છે. યજ્ઞના માટેના અશ્વની પસંદગીના માનદંડ સોમેશ્વર પંડિત પાસેથી જાણવા પડશે એવું વિચિત્રસેન કહે છે ત્યારે મોહિની પોતે એ માનદંડ જાણી ચૂકી છે એમ કહાને વિચિત્રસેનને આશ્વર્યચક્તિ કરી દે છે.એજ ક્ષણે વિચિત્રસેનને અશ્વશાળામાં લઇ જવા માટે આતુર બને છે. વિચિત્રસેન અશ્વશાળાને બદલે શયનખંડમાં જવાનું કહે છે ત્યારે મોહિની પોતે પણ વિચિત્રસેનને મળવા માટેની તત્પરતા બતાવે છે. અહીં આ પ્રથમ દશ્યના અંતે મોહિનીની મનઃસ્થિતિ સૂચવી દઇન નાટયકારે મોહિનીના ચરિત્રવિકાસની વાત કરી છે.

બીજું દશ્ય અશ્વશાળામાં આકાર લે છે. જેનો આરંભ અશ્વહેષા અને અશ્વના પદચાપથી થાય છે. જ્યારે ત્રીજું અને છેલ્લું દશ્ય અવધપુરીના માર્ગ પર ભજવાય છે. દશ્યના પૂર્વાર્ધમાં કુમાર નામનો સૈનિક દાંડી પીટીને નગરજનોને અશ્વમેધ યજ્ઞના આરંભ વિશે જણાવી રહ્યો છે. ત્યારબાદ યજ્ઞના બધા વિધિવિધાન દરમ્યાન અશ્વ બીજકને સંબોધીને બોલાયેલા મોહિનીના સંવાદ દ્વારા તેની અશ્વપ્રીતિનું કારણ પ્રથમવાર સ્પષ્ટ થાય છે. બીજા અંકનું પ્રથમ દશ્ય માર્ગનું છે. જ્યાં આગળ બીજક અને પાછળ સૈનિકો દોડી રહ્યા છે. આ અંકના અંતિમ દશ્ય બે હિસ્સામાં વિભાજિત છે. અહીં flash back ટેકનિક પ્રયોજાઇ છે. જેમાં અનામિકાના પૂછવાથી મોહિની પોતાની અશ્વકામનાની વાત કરે છે. ત્રીજું અને અંતિમ અંક વિચિત્રસેનના ખંડમાં ભજવાય છે. વિચિત્રસેનની સ્વગતોક્તિમાં તેની અશ્રવમેધ અંગેની અનિચ્છા વ્યક્ત થાય છે.નાટકના અંતે અશ્વસંસર્ગ ઝંખતી મોહિના છે, જે નિસ્તેજ, શ્રમિત અને ગલિતગાત્ર બીજકને જોઇને અત્યંત આઘાત અનુભવે છે. વિચિત્રસેનની તલવાર ખેંચીને આત્મહત્યા કરે છે. એ રીતે નાટકનો કરુણ અંત આવે છે.

ત્રણ અંક, નવ મુખ્ય અને ચારેક પેટાદશ્યોમાં વિભાજિત આ નાટકમાં વિચિત્રસેન, કુમાર, ચિતારો, ચંદ્રસેન, મકરધ્વજ વગેરે પુરુષપાત્રો છે અને મોહિની તથા અનામિકા એમ બે જ સ્ત્રી પાત્રો છે. અશ્વનું મૂક પાત્ર પણ છે, જે મોહિનીની કામનાનું આલંબન બની રહે છે. મોહિનીનું ચરિત્ર અત્યંત સશક્ત છે. સમગ્ર નાટકનું કેન્દ્રબિંદુ તે છે. મોહિનીના પાત્રાલેખનમાં ચિનુ મોદીની ઉચ્ચ સ્તરની સર્જનાત્મકતા પામી શકાય છે. તેમણે પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે, 'નિયતિકૃત નિયમરહિતા એવી જાતીયવૃત્તિની સૂક્ષ્મસંકુલ અને અવાંતર–અનન્ય સંવેદના ધરાવતી મોહિની ષોડશવયે તેજસની સવારી સમયે અનુભવેલી અદ્વિતીય રતિસુખની લાગણી પુનઃ પુનઃ અનુભવવા ઇચ્છે અને એ ઝંખનામાંથી જ જન્મે છે અશ્વમેધ. સૃષ્ટિક્રમ વિરુદ્ધની નિતાન્ત દૈહિકતા અને મનોવૈજ્ઞાનિક સંકુલતાથી પ્રતાડિત મોહિની તેજસસદશ પૂર્ણાશ્વને મનોશારીરિક રીતે પામવાનો એકમાત્ર ઉપાય અશ્વમેધ છે એ જાણતી હોવાથી જ પતિ વિચિત્રસેનના મનમાં ચક્રવર્તી બનવાનું બીજ રોપે છે અને એ બીજનું સંવર્ધન એટલા જતનથી કરે છે કે તેની આ પ્રવૃત્તિ, ઇચ્છાતૃપ્તિની વૃત્તિ ભાવકને તેના મનોસંચલનો વિશે વિચારતો કરી મૂકે છે. જે ક્ષણથી મોહિની